

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બાયડ તાલુકા બ્રાન્ચ દ્વારા જય અંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમ બાયડ. નવા બિલ્ડિંગ ખાતે પ્રથમ દિવસે આશ્રમ ની બહેનો ને હાઈઝીન કીટ વિતરણ કરવામાં આવ્યુ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બાયડ તાલુકા બ્રાન્ચ ના ચેરમેન દેવચંદ પરમાર તથા હોદ્દેદારો કુમુદ ભાઈ ભાવસાર નિરલ ભાઈ પટેલ તથા મનીષભાઈ શાહ તથા આશ્રમ ના પ્રમુખ અશોકભાઈ જૈન, ટ્રસ્ટી ગણ અને સ્ટાફ હાજર રહ્યા હતા.

# ધનસુરા ખાતે મોતિયાના ઓપરેશન માટે મફત નિદાન કેમ્પ યોજાયો



ધનસુરા, તા. ૧૭

ધનસુરા ખાતે મોતિયાના ઓપરેશન માટે મફત નિદાન કેમ્પ યોજાયો હતો.શંકરા આઈ હોસ્પિટલ મોગર આણંદ દ્વારા આ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ધનસુરા ગ્રામ પંચાયત સંચાલિત લાઈબ્રેરી ખાતે યોજાયો હતો જેમાં લોકો એ લાભ લીધો હતો. કેમ્પ માં ઓપરેશન માટે પસંદ કરેલા દર્દીઓ ને આવવા જવાનું, રહેવાનું, ખાવાનું અને લેન્સ તથા ચિકિત્સા મફત થશે. આ કેમ્પ માં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ ડેપ્યુટી સરપંચ કાર્તિકકુમાર પટેલ,તલાટી નીતિનભાઈ ,પ્રદીપભાઈ ભાવસાર,અર્પણભાઈ પટેલ ગ્રામ પંચાયત ના સદસ્યો ગામલોકો અને પંચાયત નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# સરડોઈમાં રેડ માટે પોલીસ દોડી પણ રૂ.૧૦૦ની દેશી પોટલીઓ મળી

## અંબુજા ફેઇમ અડ્ડા પરથી દારૂ ન મળતાં હેરત

સરડોઈ,તા.૧૭

મોડાસા તાલુકાના સરડોઈમાં દેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાના અહેવાલ બાદ પોલીસ તંત્ર એક્શન માં આવ્યું છે.ગત રોજ તળાવ વિસ્તારમાં રેડ કરવા પોલીસ દોડી પણ આચમન રૂપ પાંચ લિટર દારૂ મળ્યો હતો જેથી રૂ.૧૦૦ ની કિંમતના દેશી દારૂ સાથે જીજ્ઞેશ બાબુ દેવીપૂજક ની અટકાયત કરી ગુનો નોંધ્યો છે પણ ગામ અને પંથકમાં અંબુજા ફેઈમ દેશી દારૂ ના અડ્ડા ઉપરથી એક ચમચી જેટલો દેશી દારૂ પકડાયો ના હોવાથી આશ્ચર્ય છે.

તાલુકાના સરડોઈ માં દેશી દારૂના દૂષણ અનેક ધણું વધી ગયું છે.તળાવ અને આંબા વાડિયા વિસ્તારમાં વર્ષોથી ચોક્કસ તત્વો દેશી દારૂની પોટલીઓ વેચી રહ્યા છે જેમાં અંબુજા નામે ઓળખાતા અડ્ડા ઉપર પોલીસ ને વધુ રહેમ રહેતાં અન્ય લોકો એ હવે ગૃહ વ્યવસાય ની જેમ દેશી દારૂ નું વેચાણ શરૂ કરતાં પ્રજામાં જબ્બર રોષ જોવા મળ્યો હતો.દારૂ ની બદી સામે સ્થાનિક લોક રોષ આકાર લેતા પોલીસે હમણાંથી રેડ શરૂ કરતાં દારૂ વેચવાની જગ્યાઓ બદલી નાખવામાં આવ્યા બાદ પોલીસે કરેલી રેડમાં મામૂલી દેશી દારૂ પકડાયો છે.જ્યારે રેડ થી અંબુજા નો દારૂ મુક્ત રહેતા ગ્રામજનો ચોકી ઉઠ્યા છે.

# પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પાસે ટ્રેલર ગટરમાં ખાબક્યું

## ગટરનુ કામ હલકી ગુણવત્તા વાળુ થયુ હોય તેવી બુમરાહ : અનેક વાહન ચાલકો ગટર ઉપરથી પ્રસાર થતા ગટરમાં ખાબકે છે




પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા ચોકડી ત્રણ રસ્તા પાસે એક ટ્રેઈલર ગટર મા ખાબકયુ. પ્રાંતિજ ના મજરા પાસે નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સર્વિસ રોડ પાસે તંત્ર દ્વારા ગટર બનાવવામા આવી છે તો હાલ રોડ નુ સીક્સ લાઈન નુ કામ ચાલુ હોય વાહનો સર્વિસ રોડ ઉપર થી પ્રસાર થતા હોય છે તો ટ્રાફિક જામ થતા સર્વિસ રોડ ની બાજુ મા બનાવેલ ગટર લાઈન ઉપર થી પ્રસાર થતા એક ટ્રેઈલર ગટર મા ખાબકયુ હતુ ત્યારે ગટર નુ કામ હલકી ગુણવંતા વાળુ થયુ હોય તે પણ સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે અવરનવર અનેક વાહનો ગટર લાઈન મા ખાબકે છે ત્યારે ટ્રેઈલર ના ચારેય વીલ ગટર લાઈન મા ખાબકયા હતા અને ધરો તેમેજ સ્પીગ ને મોટુ નુકશાન પહોચ્યુ હતુ તો નેશનલ હાઈવે આઠ કોન્ટ્રાક્ટર ની કામ ને લઈ ને બેદરકારી પણ જોવા મળી છે અને અનેક જગ્યાએ ગટર ના ઢાંકણાઓ પણ ખુલ્લા જોવા મળે છે ત્યારે હાલતો સાંકડા સર્વિસ રોડ ને લઈ ને મોટા તોતિંગ ટ્રેઈલર ચાલકો ને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે

# પ્રાંતિજ ખાતે પુત્રના જન્મ દિવસે પંખીઘરનું વિતરણ કર્યું





પ્રાંતિજ તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા પટેલ પરિવારે પુત્ર ના જન્મ દિવસે પંખીધર નુ વિતરણ કરી દીકરાના જન્મ ને યાદગાર બનાવ્યો. પ્રાંતિજ ખાતે રહેતા પફુલભાઈ ગીરીશભાઈ પટેલ કે જેવો પંખીઓ માટે સુદર પંખીધર બનાવે છે અને તેમના પુત્ર તક્ષ નો જન્મ દિવસ હોય તેવોએ પોતાના પુત્ર નો જન્મ દિવસ હાઈફાઈ હોટલ કે અન્ય જગ્યાએ મનાવાની જગ્યાએ પોતે બનાવેલ પંખીધરનુ પુત્ર તક્ષ ની શાળા મા તથા શિક્ષકો અને મિત્રો ને પુત્ર ના જન્મ દિવસ પંખીધર નુ વિતરણ કર્યુ હતુ અને પુત્ર નો જન્મ દિવસ યાદગાર બનાવ્યો હતો તો સમાજ તથા અન્ય સમાજ માટે પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી.


# ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજીત મતદાર જાગૃતિ સ્પર્ધા યોજાશે

## ૧૫ માર્ચ, ૨૦૨૨ સુધી પ્રવેશ સ્વીકારવામાં આવશે : પ્રથમ રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધામાં ભાગ લો અને જીતો રોકડ આકર્ષક ઈનામો

બાયડ તા.૧૭

ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજીત મારો મત એ મારું ભવિષ્ય,એક મતની તાકાત વિષય ઉપર દેશના લોકોમાં જાગૃતિ આવે તેને અનુલક્ષીને ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજીત રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૨૨ના અવસરે રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકોની પ્રતિભા અને સર્જનાત્મકતાને બહાર લાવવા અને લોકોની સક્રિય ભાગીદારી દ્વારા લોકશાહીને પણ મજબૂત બનાવવા માટે તમામ વયના લોકો માટે સુલભ આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય ક્રાઉડસોર્સિંગ દ્વારા લોકશાહીમાં દરેક મતના મહત્વના વિષય પર પસંદ કરેલ ઉમદા વિચારો અને સામગ્રીની ઉજવણી કરવાનો છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્વીપ (સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) પ્રોગ્રામ દ્વારા રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધા લોકોની પ્રતિભા અને સર્જનાત્મકતાને બહાર લાવવા માટે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાંચ વિષયોનો સ્પર્ધામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ક્વિઝ સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, ગીત સ્પર્ધા, વિડિયો આ સ્પર્ધામાં સારો દેખાવા કરનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે. રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધામાં ભાગલેનારએ વેબસાઈટ https://ecisveep.nic.in/contest/પર ઉપલબધ વિગતવાર માર્ગદર્શિકા અને શરતોનું પાલન કરવાનું રહેશે. સહભાગીએ વિગતો સાથે એન્ટ્રીઓ Contest@eci.gov.in પર ઈમેઈલ કરવાની રહેશે. જે સહભાગી અરજી કરી રહ્યા છે તેણે સ્પર્ધા અને શ્રેણી ના નામનો ઈ-મેલના વિષયમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત કરવાનો રહેશે. ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા માટે ભાગલેનાર વ્યક્તિએ સ્પર્ધાની વેબસાઈટ પર નોંધણી કરાવવાની રહેશે. તમામ એન્ટ્રીઓ ૧૫ માર્ચ-૨૦૨૨ સુધીમાં સહભાગીઓની વિગતો સાથે ઈમેલ ID: voter-contest@eci-gov.in પર સબમિટ કરવાની રહેશે.

# ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નં.૧માં ૮ સી.સી.ટી.વી કેમેરા લગાવાયા



ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા બજાર મેઈન બજાર વિસ્તારમાં આવેલ ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર. ૧ ના પરિસરમાં સલામતીના ભાગરૂપે ૮ સી.સી. ટી.વી કેમેરા લગાવાયા છે.આચાર્ય કાંતીલાલ પટેલ સહિત સ્ટાફ પરીવારે જણાવ્યું હતું કે શાળા જ્યારે બંધ હોય ત્યારે અસામાજિક તત્ત્વો શાળા પરિસરમાં પ્રવેશ કરીને બિલ્ડીંગ અને ભૌતિક સુવિધાઓની તોડફોડ કરીને દુર ઉપયોગ કરતા હતા.સી.સી.ટી.વી કેમેરા લગાવાતા સમગ્ર શાળા પરિસરનું કંમ્પાઉન્ડ કવર થાય છે.

અસામાજિક તત્ત્વો શાળામાં પ્રવેશ કરીને અનિચ્છનીય પ્રવૃત્તિ કરશે તો અસામાજિક તત્વોની ઓળખ સરળતાથી થશે અને અસામાજિક તત્વો વિરુદ્ધમાં કાયદાકીય રીતે ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં સરળતા રહેશે તેમ જણાવ્યું હતું.આચાર્ય,સ્ટાફ પરીવાર સહિત સેવાભાવી દાતાઓના સાથ અને સહકારથી ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર. ૧ ના પરિસરને અતિ સુંદર બનાવવા માટે ભગીરથ પ્રયત્નો હાથ ધર્યા છે.વિધાર્થીઓ,વાલીઓ સહિત જાગૃત ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ધાનેરા નજીકના પાંથાવાડા ગંજબજારમાં હનુમાનજીની પ્રતિષ્ઠા

ધાનેરા તા. ૧૭

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામમાં ધી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિના પ્રાંગણમાં આવેલ માર્કેટયાર્ડના વેપારીઓનું આસ્થાનું પ્રતીક જુના હનુમાન મંદિરને વેપારીઓના સહયોગથી નવીન મંદિર બનાવી કષ્ટ ભંજન હનુમાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહાસુદ તેરસના સોમવારે યોજાઈ હતી. માર્કેટયાર્ડના વેપારીઓ દ્વારા શોભાયાત્રા નિકાળી બજારના પ્રાગણમાં હવનનું આયોજન કરી મહાપ્રસાદનું આયોજન કર્યું હતું.

# પાલનપુરના વિજય હનુમાન આશ્રમ ખાતે પાટોત્સવ યોજાયો

## મહામંડલેશ્વર એક વર્ષની તપસ્યા કરી પરત ફરતા ધર્મોત્સવ

પાલનપુર તા.૧૭

શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી કલ્યાણનંદગીરીજી મહારાજ કચ્છ માં રતડીયા માતાજીના મઢમાં એક વર્ષની તપસ્યા કરી પરત ફર્યા છે. તેઓની ઉપસ્થિતિમાં શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમનો પાટોત્સવ યોજાયો હતો. સંત શિરોમણી શ્રી કલ્યાણગીરીજી મહારાજના સાનિધ્યમાં આજે પાલનપુરના શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમ ખાતે પાટોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમાં હોમ હવન સાથે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વિજય હનુમાન આશ્રમ ખાતે છેલ્લા એક વર્ષથી નવચંડી યજ્ઞ ચાલી રહ્યો છે. જેના દર્શન કરવા પાલનપુરની ધર્મપ્રેમી જનતાને મંદિરના મહંતએ અનુરોધ કર્યો હતો.



## અંદાજપત્ર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જુદા વિસ્તારમાં આંતર માળખાકીય વિકાસના કામો હેઠળ રૂ ૭૭.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુડા હસ્તકના ૨૫ ગામોમાં માળખાકીય સુવિધાઓ અને સામાજિક પ્રવૃતિઓની ઉપલબ્ધ તેમજ ખુટતી માળખાકીય સવલતો અન્વયે પણ સર્વે કરી માસ્ટર પ્લાન તૈયાર કરવાનુ આયોજન કરાયુ છે. જેના નકશા અંદાજો તૈયાર કરીને સૈધ્ધાંતિક મંજુરી આપી ઈ ટેન્ડરીંગના આધારે એજન્સી પણ નક્કી કરવા માટે પણ બોર્ડ બેઠકમાં ઠરાવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ગુડાની નગર રચના યોજના નં-૨૬ વાવોલ સરગાસણ વાસણા હડમતિયા અને નગર રચના યોજના નં-૯ ની નજીકના ટીપી વિસ્તારમાં રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારનો વિકાસ થયો છે. જયારે આ વિસ્તારમાં પીવાનુ પાણી અને ગટરની સુવિધા ઉપલબ્ધ કરવાનુ નેટવર્ક ઉભુ કરવા માટે પણ બોર્ડ દ્વારા વહીવટી મંજુરી આપવામાં આવી છે. બોર્ડ બેઠકમાં ગુડા ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં માર્ગ નિર્માણ અને મરામતની કામગીરીના નકશા અંદાજોને પણ વહીવટી મંજુરી આપવામાં આવી હતી.

## શિક્ષણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુચના મુજબ આજની કોર કમિટીમાં થયેલ ચર્ચા અન્વયે તા.૨૧/૦૨/૨૦૨૨, સોમવારથી શિક્ષણ વિભાગ હસ્તકની તમામ શાળા-કોલેજો સંપૂર્ણ રીતે ઓફલાઈન શરુ કરવા બાબતે રાજ્ય સરકારશ્રીએ મહત્વનો નિર્ણય લીધો છે. અન્ય એક ટ્વીટમાં તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ શાળા-કોલેજોએ કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓ/વાલીઓ/શાળા-કોલેજોના સંચાલકોને ઓફલાઈન શિક્ષણની તૈયારી કરવાનો પૂરતો સમય મળી રહે તે બાબત ધ્યાને લેતાં આ નિર્ણયનું અમલીકરણ તા.૨૧/૦૨/૨૦૨૨ સોમવારથી થશે.

ઉલ્લેખનીય છે કે, આજથી રાજ્યમાં બે વર્ષ બાદ પ્રી-પ્રાયમરી શાળાઓ ફરી એકવાર શરૂ કરવામાં આવી છે. કોરોના મહામારીની શરૂઆતથી જ આંગળવાડી સહિત બાલમંદિરો અને પ્રી-પ્રાયમરી શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી. જો કે બે વર્ષ બાદ આજે જ્યારે નાના ભૂલકાંઓ આંગળવાડી, બાલ મંદિર અને પ્રી-સ્કૂલમાં પ્રવેશ્યા હતો તો તેમના કોલાહલથી શાળાઓનું વાતાવરણ જીવંત બની ગયું હતું. બે વર્ષ બાદ ફરીથી સ્કૂલે આવવાનું થતાં અમુક બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો, તો કેટલાય બાળકોને સ્કૂલે આવવાનું ન ગમતાં તેઓ રડી રહ્યા હતા.

## ભૂલો સ્વિકારે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે આગળ કહ્યુહ તુ કે, પીએમ પદની એક ગરિમા હોય છે.ઈતિહાસને દોષ આપવાથી આપણા દોષ ઓઠા નથી થવાના.મારા દસ વર્ષના કાર્યકાળમાં મેં મારુ કામ બોલે અને હું ઓછુ બોલુ તે વાતને મહત્વ આપ્યુ હતુ.રાજકીય લાભ માટે સત્યને છુપાવવાની મેં ક્યારેય કોશિશ કરી નહોતી.દેશ અને પીએમના હોદ્દાની શાન ક્યારેય ઓછી થવા દીથી નહોતી.

ડો.સિંહે કહ્યુ હતુ કે, સરકારનો નકલી રાષ્ટ્રવાદ ખોખલો પણ છે અને ખતરનાક પણ છે.આ રાષ્ટ્રવાદ અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની...નીતિ પર ટકેલો છે.દેશની બંધારણીય સંસ્થાઓને નબળી પાડવામાં આવી રહી છે.આ સરકાર વિદેશ નીતિના મોરચે પણ નિષ્ફળ ગઈ છે.

## ક્રિપ્ટોને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે ક્રિપ્ટો કરન્સી પ્રત્યે પોતાની નાખુશી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ક્રિપ્ટો પર પહેલેથી જ પ્રતિબંધ મુકી દેવાની જરૂર હતી. મને એ વાતનો ગર્વ છે કે મેં ક્રિપ્ટોમાં રોકાણ ટાળ્યું છે. તે કોઈ બીમારીની જેમ છે.

ક્રિપ્ટો કરન્સીની ઝાટકણી કાઢતા મુંગરે કહ્યું કે કેટલાક લોકો ક્રિપ્ટોને આધુનિક કરન્સી ગણાવે છે. પરંતુ તે ધાકધમકીથી નાણાં ઉઘરાવવા, કિડનેપિંગ અને ટેક્સ ચોરી માટેની કરન્સી છે.

તેમણે એવો દાવો પણ કર્યો હતો કે આજથી ૫૦ વર્ષ પછી એપલ, ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ અને માઈક્રોસોફ્ટમાં બર્કશાયરનું હોલ્ડિંગ એટલું જ મજબુત હશે.

## માતમમાં ફેરવાયો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બની. ગામના અમુક લોકો કહી રહ્યા છે કે, સ્લેબ પર ચઢવાની ના પાડી હતી, પરંતુ કોઈએ વાત માની નહીં. એકાએક સ્લેબ તૂટી ગયો અને લગભગ ૩૦ લોકો કૂવામાં પડી ગયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ મહિલાઓ લગ્નના એક દિવસ પહેલા કૂવા પાસે કોઈ વિધિ કરવા પહોંચી હતી. સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો. કૂવામાં પડી ગયેલી મહિલાઓ અને બાળકીઓને કેવી રીતે બહાર નીકાળવામાં આવે તે કોઈને સમજ નહોતી પડતી. બે કલાકની મહેનત પછી ૧૧ બાળકીઓ અને બે મહિલાઓને કૂવામાંથી નીકાળીને હોસ્પિટલ મોકલવામાં આવ્યા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા. જિલ્લા અધિકારી અને પોલીસ અધિકારી મોડી રાત સુધી લોકોને નીકાળવાનો પ્રયત્ન કરતા રહ્યા.

## જન્મદિને વધામણી



ગિરીશ પ્રભુદાસ સુરાણી,
બિલ્ડર્સ
બાયડ જીલ્લો અરવલ્લી



પંકજભાઈ દોશી
કલ્પતરુ જનરલ સ્ટોર્સ
બાયડ જીલ્લો અરવલ્લી



કૃપલ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



નિશી ભાવિનભાઈ શાહ
રાધે મેડિકલ સ્ટોર્સ
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## પ્રાંતિજના ખારી અમરાપુરની સગીરાને ભગાડી જતા માતા દ્વારા પોલીસ ફરિયાદ કરી

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ખારી અમરાપુર ગામેથી સગીરા ને ખારી અમરાપુર ગામનોજ ઈસમ ભગાડી જતા સગીરા ના માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ગામનાજ ના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ ના ખારી અમરાપુર ની સગીરા ને ખારી અમરાપુર ગામનોજ ઈસમ રવિન્દ્રસિંહ વિજયસિંહ ઝાલા કે મારી દિકરી ની ઉ.વર્ષ-૧૪ વર્ષ માસ ૭ દિવસ ની સગીર વય ની હોવાનુ જાણતો હોવાછતાંય લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી લઈ જતા સગીરા ની માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ખારી અમરાપુર ગામનોજ ઈસમ રવિન્દ્રસિંહ વિજયસિંહ ઝાલા રહે.ખારી અમરાપુર તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ના ઈસમ વિરૂધ્ધ પ્રાંતિજ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દિકરી ની માતા દ્વારા પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આઈપીસીકલમ ૩૬૩,૩૬૬ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ. ત્રિવેદી દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.